# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# CEO GYANESH KUMAR AMD VISIT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આજથી બે દિવસ અમદાવાદના પ્રવાસે આવ્યા છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી સંદીપ સાગળે, અમદાવાદના કલેક્ટર ભવ્ય વર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓએ વિમાનમથક પર શ્રી કુમારનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું. ત્યારબાદ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે સાબરમતી આશ્રમમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે તેમણે મુલાકાત નોંધપોથીમાં લખેલા સંદેશમાં જણાવ્યું કે, જે પવિત્ર સ્થળેથી વિશ્વ શાંતિ અને માનવતાનો સંદેશ પ્રસર્યો છે. તે પવિત્ર સ્થળની મુલાકાત લેવી મારા માટે સન્માનની વાત છે.

ઉપરાંત ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે અડાલજની વાવની મુલાકાત લીધી. જ્યાં પત્રકારો સાથે સંવાદ કર્યો.

**(BYTE: GYANESH KUMAR, CHIEF ELECTION COMMISSIONER OF INDIA)**

*("ગુજરાત કે ઇસ દૌરે મેં હમારા સંવાદ અહમદાબાદ મેનેજમેન્ટ એસોસિએશન કે સદસ્યોં કે સાથ ભી હોગા, ઓર ગુજરાત કે કર્મઠ બૂથ લેવલ ઓફિસર્સ કે સાથ ભી, ઓર યહાં કે વાઇસ ચાન્સલર્સ, પ્રિન્સિપલ્સ, ટીચર્સ, ઓર છાત્રા ઓર છાત્રાઓં કે સાથ ભી હોગા,")*

મુખ્ય ચૂંટણી કમિશનર સાંજે રિવરફ્રન્ટ સોલાર પાર્કની મુલાકાત પણ લેશે.

# POCSO CONVICTION

રાજ્યમાં દુષ્કર્મના કેસોમાં છેલ્લા પાંચ વર્ષમાં 908 દોષિતોને આજીવન કેસની સજા ફરમાવવામાં આવી છે. તો 16 દોષિતોને ફાંસીની સજા આપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે પાંચ વર્ષ દરમિયાન પોકસોના કેસોમાં એક હજાર 785 ચુકાદા જાહેર કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે વૈજ્ઞાનિક પુરાવા એકત્રીકરણ સહિત ગુનાની ટોપ ટુ બોટમ લેવલે તપાસની પોલીસની પદ્ધતિ ગુનેગારોને મજબૂત સજા અપાવવા મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

## (BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

*("માત્ર ઓગસ્ટ મહિનામાં ૪૮ થી વધારે ગુનાઓનો કોર્ટમાં ચુકાદો લાવવામાં રાજ્ય સરકારને ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. જેમાંથી ૩૬ બાળકીઓના ગુનેગારોને આજીવન કેદની સજા અપાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. છેલ્લા આઠ મહિનામાં ૩૪૬ ચુકાદાઓ આપણે મેળવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. જેમાંથી ૨૪૧ આરોપીઓને આજીવન કેદ, બે ગુનેગારોને ફાંસીની સજા અપાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.")*

# NEPAL GUJARATI

નેપાળમાં ગુમ થયેલા 30 ગુજરાતીઓની ઓળખ માટે રાજ્ય સરકારની કવાયત તેજ કરી છે. જેમાં 29નાં પરિવારજનોના DNA નમૂના ઓળખ માટે એકત્રિત કરાયા છે. જ્યારે બાકી રહેલા એક કેસમાં પણ પ્રક્રિયા ચાલી રહી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ એકત્રિત કરાયેલા DNA નમૂનાનું પ્રોફાઇલિંગ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ અને રાજકોટ ખાતે આવેલી નિયુક્ત લેબોરેટરી મારફતે કરવામાં આવી રહ્યું છે. વિદેશમાં રહેતા પરિવારજનોના નમૂના તેમના સંબંધિત દેશોના સત્તાવાળાઓના સંકલનથી એકત્રિત કરાયા છે.

DNA આધારિત ઓળખ પ્રક્રિયા દ્વારા મળી આવેલા માનવ અવશેષોને ગુજરાત, ભારતના અન્ય રાજ્યો તથા અન્ય દેશોના ગુમ થયેલા લોકો સાથે મેચ કરવામાં મદદ મળશે. આ પ્રક્રિયા થકી ગુમ થયેલા પરિવારજનોની સ્થિતિ અંગે તેમના પરિવારોને સત્તાવાર પુષ્ટિ મળી શકશે.

# SRT MAYOR MEETING

સુરતમાં અખિલ ભારતીય મેયર પરિષદની પહેલી ગોળમેજી બેઠક યોજાઈ ગઈ. ICCC ખાતે યોજાયેલી આ બેઠકમાં અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, નવસારી, ગાંધીનગર જુનાગઢ, મોરબી, મહેસાણા સહિત 17 શહેરનાં મેયર ઉપસ્થિત રહ્યા. દરમિયાન સુરતની અને અલગ-અલગ શહેરોમાં ચાલતી મહત્વની પરિયોજના અંગે ચર્ચા કરવામાં આવી. આ અંગે સુરતનાં મેયર માયા માવાણીએ વધુ માહિતી આપી.

**(BYTE: MAYA MAWANI, MAYOR, SURAT CITY)**

*("સુરતમાં આજે મેટ્રો પ્રોજેક્ટ છે તેની વિઝિટ છે, સાથે સાથે TTP પ્લાન્ટ જે ગટરનું પાણી જે ડ્રેનેજનું પાણી પીવા લાયક બનાવ્યું છે તે પ્લાન્ટની પણ ચર્ચા થવાની છે. સાથે સાથે ડ્રમ્મસ સી ફ્રીઝની પણ વિઝિટ છે. એટલે આવી રીતે ઘણા બધા પ્લાન્ટો છે તેની વિગતવાર ચર્ચા થશે અને આખું સુરતનું પ્રેઝન્ટેશન તે પણ આપણે અહીં બતાવવાના છીએ કે સુરતના પ્રેઝન્ટેશનમાં કેટલા પ્રોજેક્ટો છે, કઈ રીતે ચાલી રહ્યા છે, એમાં કઈ રીતે વેગ આપવાનો છે, તે તમામ ચર્ચા ગુજરાતના મેયરો સાથે થવા જઈ રહી છે.")*

# KUDASAN INCIDENT

ગાંધીનગરના કુડાસણ ખાતે નિર્માણાધીન બિલ્ડિંગમાં સ્લેબ ધરાશાયી થવાની દુર્ઘટનામાં તમામ શ્રમિકો હાલ સુરક્ષિત અને સ્વસ્થ છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.મીતા પરીખે જણાવ્યું કે હોસ્પિટલમાં હાલ 12 દર્દી દાખલ છે જેમાં 4ને ICUમાં રખાયા છે.

**(BYTE: DR. MITA PARIKH, SUPERINTENDENT)**

*("ત્યાર સુધીમાં રાતના ત્રણ વાગ્યા સુધીમાં ૧૨ પેશન્ટ આયા છે. એમાંથી ચાર પેશન્ટ અત્યારે ઈએમડી (Emergency Medicine Department) ના ICU માં છે. ચારે ચાર સ્ટેબલ છે. એમાંથી એક પેશન્ટને સ્પાઇન ઈંજરી છે જેનું સ્ટેબલ થયા પછી એનું કાલે ઓપરેશન રાખવામાં આવ્યું છે. આઠ પેશન્ટ ટ્રાન્ઝિટ વોર્ડમાં છે અને એ બધા થોડા સિમ્પલ ઈંજરીઝના છે અને બધા સ્ટેબલ છે. બધા ડોક્ટર્સ રાઉન્ડ ધ ક્લોક ઓન ટોસ છે. જે ટ્રાન્ઝિટ વોર્ડમાં પેશન્ટ છે એમાંથી મોસ્ટલી બધાને આજે સાંજ સુધી ડિસ્ચાર્જ થઈ જશે.")*

ઉલ્લેખનીય છે ગઈરાત્રે કુડાસણ ખાતે નિર્માણાધીન બિલ્ડિંગની સાઇટ પર સ્લેબ અચાનક ધરાશાયી થતા 15 જેટલા શ્રમિક ઇજાગ્રસ્ત થયા હતા.

# CM STATEMENT IN ASSEMBLY

ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના આજે બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભાના નિયમોના નિયમ 44 અંતર્ગત ગૃહમાં એક મહત્વનું નિવેદન આપ્યું. તેમણે સંત શિરોમણી ગુરૂ રવિદાસજી મહારાજની ૬૫૦-મી જન્મજયંતિ નિમિત્તે સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્યમાં વિવિધ સૂચિત પ્રકલ્પ માટે 232 કરોડ રૂપિયાથી વધુની રકમ ફાળવવા સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. શ્રી પટેલે કહ્યું, જ્યારે દરેક ગરીબને ન્યાય મળે, દરેક યુવાનને તક મળે, દરેક મહિલાને સન્માન મળે અને દરેક નાગરિકને વિકાસમાં સમાન ભાગીદારી મળે ત્યારે જ સાચા અર્થમાં તેમના વિચાર સાકાર થાય.